રાજભવન, ગાંધીનગર.

તા. ૨૭/૦૧/૨૦૧૫

**૬૬મા પ્રજાસત્તાક દિને મહાત્મા મંદિર ખાતે રાજ્યપાલશ્રીની અધ્યક્ષતામાં યોજયેલ સ્નેહ સંમેલન**

---

૬૬મા પ્રજાસત્તાક દિન–૨૬મી જાન્યુઆરીએ સાંજે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીની અધ્યક્ષતામાં મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે સ્નેહ સંમેલન યોજવામાં આવ્યું હતું.

સ્નેહ સંમેલનમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ, શ્રીમતી અવિનાશ કોહલી, વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, રાજય મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદી અને શ્રી પ્રદિપસિંહ જાડેજા, મુખ્ય સચિવ શ્રી ડી. જે. પાંડિયન, સ્વાતંત્ર્ય સેનાનીઓ, પદાધિકારીઓ, અગ્રણી નાગરિકો, રાજય સરકારના વરિષ્ઠ સચિવશ્રીઓ, વરિષ્ઠ પોલીસ અધિકારીઓ, સંરક્ષણ દળોના વરિષ્ઠ અધિકારીઓ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

---

પ્રેસ સચિવ

રાજભવન, ગાંધીનગર.
તા. ૩૦/૦૧/૨૦૧૫

## રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિને તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરતા રાજયપાલશ્રી

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિને– (શહીદ સ્મૃતિ દિન) ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ રાજભવન ખાતે મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

શહીદ સ્મૃતિ દિન નિમિતે રાજયપાલશ્રીની નિશ્રામાં અધિકારી – કર્મચારીઓ દ્વારા બે મિનિટનું મૌન પણ પાળવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રીમતી અવિનાશ કોહલી તથા રાજભવનના અધિકારીઓએ પણ ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી.

---

પ્રેસ સચિવ